ગાંધીનગર સમાચાર

# સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવનો દબદબાભેર પ્રારંભ

## દસ દિવસ ચાલનારા આ ઉત્સવમાં દરરોજ સાંજે ૭ થી ૯ વિવિધ પ્રાંતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે : બપોરે ૨ વાગ્યાથી હસ્તકલા હાટ ચાલુ થશે જે રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લી રહેશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની ઓળખ સમો બની ચૂકેલા લોકપ્રિય વસંતોત્સવનો રવિવારે સાંજે દબદબાભેર પ્રારંભ કરાયો છે. સાબરમતી નદીના કુદરતી કોતરોમાં વિકસાવાયેલા સંસ્કૃતિકુંજ ખાતે આયોજિત વસંતોત્સવનું ઉદ્‌ઘાટન ગાંધીનગરના મહિલા મેયર હંસાબેન મોદીના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીના અગ્રસચિવ એસ. અર્પણા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર જે.ટી. અખાણી અને મેયર હંસાબેન મોદીએ દીપ પ્રાગટ્ય કરી વસંતોત્સવ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.







વસંતોત્સવ કાર્યક્રમ તા. ૨૧મી ફેબ્રુઆરી થી તા. ૧ માર્ચ, ૨૦૧૬ દરમ્યાન યોજાશે. વસંતોત્સવમાં દરરોજ સાંજના ૭ થી ૯ કલાક દરમ્યાન રાજય અને દેશના અલગ અલગ પ્રાંતના લોક નૃત્યોના કાર્યક્રમ નિહાળવા મળશે. દરરોજ બપોર ૨ કલાકથી રાતના ૧૦ કલાક સુધી હસ્તકલા પ્રદર્શન અને વેચાણ માટે હસ્તકલા હાટનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વસંતોત્સવમાં દરરોજ સાંજના ૭ થી ૯ કલાક દરમ્યાન વસંતોત્સવમાં રાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવ દરમ્યાન દાહોદનું તલવાર નૃત્ય, વડોદરાનું મેવાસી નૃત્ય તથા હોળી નૃત્ય, છોટા ઉદેપુરનું ઘેરૈયા નૃત્ય અને રાઠવા નૃત્ય, ભરૂચનું સિદિ ઘમાલ નૃત્ય,ડાંગનું કહાડિયા અને ડાંગ નૃત્ય, સાબરકાંઠા-નર્મદાનું હોળી નૃત્ય, જુનાગઢનું યોગ નિર્દશન તેમજ ભાવનગરનું કૃષ્ણલીલા નૃત્ય નાટિકાને પ્રસ્તુત કરાશે. તે ઉપરાંત વિવિધ રાજયોના લોકનૃત્ય પણ રજૂ કરાશે. જેમાં મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય, રાજસ્થાનની ભવાઇ તથા ચરી એ તેરાતાભ નૃત્ય, આસામનું બિહૂ નૃત્ય, મણિપુરનું થાંગતા તથા સ્ટિક એ પુગ ઢોલ ચોલમ નૃત્ય, પંજાબનું સમી અને લડ્ડી અને ભાંગડા નૃત્ય, આંધ્રપ્રદેશનું માધુરી નૃત્ય અને ઉડીસાનું ગોટીપુઆ નૃત્ય રજુ કરવામાં આવશે.

આ ઉપરાંત વસંતોત્સવમાં બપોરના ૨ થી ૧૦ કલાક દરમ્યાન વિવિધ રાજયો અને દેશની મશહુર હસ્તકલાની જણસોનું ખૂબ મોટું બજાર અને વિખ્યાત હસ્તકલાની હાટડીઓ મંડાશે. અહી જુદા જુદા રાજયોની હેન્ડીક્રાફટની કૃતિઓના બજારમાં નગરજનો મનગમતી ચીજવસ્તુઓ ખરીદી શકશે. તે ઉપરાંત ખાણીપીણીના સ્ટોલ, રાજયના માહિતી તથા પ્રવાસનખાતા દ્વારા પ્રદર્શન યોજીને સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી કરાવાઇ છે. વસંતોત્સવમાં અમદાવાદ સહિત બહારથી આવતા લોકો માટે એસ.ટી.બસ અને વિટકોસ બસની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. વસંતોત્સવના ઉદ્‌ઘાટન સમારંભમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.



## ખૂણે ખાંચરેથી...

● ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર ખેલાડી યુસુફ પઠાણ આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને મળવા વિધાનસભા ખાતે આવ્યા હતા.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે દિવસથી નવા સંકુલમાં પાણીની સમસ્યા ગંભીર બની છે હવે તંત્રના અધિકારીઓ પણ આ મુદે થાકી ગયા છે કારણ પીઆઈયુનું તંત્ર કોઈની દરકાર કરતું નથી.

● જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેસ જાગાણીએ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ઉવારસદ, ઈંટવાળાના ભઠ્ઠા, સઈજ જી.આઈ.ડી.સી. વિસ્તારના શ્રમજીવી પરિવારોની વસાહત તેમજ કલોલની ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રાઉન્ડ લઈ બાળકોને રસી પીવડાવી હતી.

● વાઈબ્રન્ટ અને અન્ય સરકારી કાર્યક્રમમાં ગાંધીનગર ડેપોની બસો ફાળવવામાં આવતાં ઘણા રૂટો આજે કેન્સલ કરાતાં મુસાફરોની હાલાકી વધી જવા પામી હતી.

● નાના ચિલોડામાંથી સ્વાઈન ફલૂની એક શંકાસ્પદ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયો હતો પરંતુ રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ રાહત અનુભવી છે.

● ગાંધીનગર જિલ્લામાં આધાર કાર્ડ અંતર્ગત ૭૩ ટકા કામગીરી અત્યાર સુધીમાં થઈ છે. આગામી દિવસોમાં કેમ્પો યોજી વધુ ને વધુ લોકોને આવરી લેવાનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... આ લોકો કહે છે... રોડ, પાણી, ફોરજી... સસ્તો મોબાઈલ સહિત બધુ આપી અચ્છે દીન લાવી દીધા... હવે એક અનામત માટે આટલી મહેનત ન કરાવો....!!!

# સે-૧૭ના સરકારી મકાનમાંથી ભરબપોરે સવા બે લાખની ચોરી

## તસ્કરો ઘરની પાછળનો દરવાજો તોડી અંદર આવ્યા હતા અને ૮ તોલા સોનાના અને ૧૨ તોલા ચાંદીના દાગીના અને સાત સાડીઓ ચોરી પલાયન

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેકટર-૧૭માં આવેલા સરકારી રહેણાંક મકાનને તસ્કરોએ ધોળે દિવસે નિશાન બનાવ્યુ હતુ. તસ્કરો બંધ મકાનના પાછળનો દરવાજો તોડી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ સવા બે લાખનો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતા. આ મામલે સેક્ટર-૨૧ પોલીસે ચોરીની ફરિયાદ નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના જુના સચિવાલય બ્લોક નં. ૪માં પટાવાળા તરીકે નોકરી કરતા ગનાબેન સાવજીભાઈ બારા સેક્ટર-૧૭બ્લોક નં. ૨૨/૩ છ-ટાઈપ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. નિયત સમય મુજબ આજે ઘર બંધ કરી બન્ને પતિ પત્નિ નોકરીએ ગયા હતા. આ દરમિયાન બપોરના ૧ થી ૩ કલાકના સમયે બંધ મકાનનો લાભ લઈ તસ્કરો ઘરને નિશાન બનાવ્યુ હતુ. તસ્કરોએ મકાનની પાછળના ભાગનો દરવાજો તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. અને મકાનના કબાટમાં રહેલા ૮ તોલા સોના અને ૧૨ તોલાના ચાંદીના સહિત સાત મોંઘી સાડીઓ મળી કુલ રૂ. ૨,૨૬,૧૦૦નો મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સાંજે ગનાબેન બારા નોકરીએથી પરત ઘરે આવતા આ ચોરી અંગે માલુમ પડ્યુ હતુ. આથી તુરંત મહિલાએ સેકટર-૨૧ પોલીસમથકમાં જાણ કરતા પોલીસ બનાવ સ્થળે આવી સમગ્ર મામલાની તપાસ હાથ ધરી હતી. પોલીસે ચોરી અંગે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એ.ડી. ગોહીલ ચલાવી રહ્યા છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાઈ

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સૌ પ્રથમ સંસ્થાના સભ્ય સ્વ. ગિરિરાજ મકવાણાના દુઃખદ અવસાન બદલ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ પરમાર ‘દધિ’ દ્વારા કાર્યવાહક સમિતિ બેઠકની કાર્યવાહી નોંધનું વાંચન કર્યું હતું.

## નિઃશુલ્કપણે વ્યંધત્વ નિવારણ કેમ્પ

અમદાવાદની સનફ્લાવર હોસ્પિટલ દ્વારા આગામી તા. ૧૩ માર્ચને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેક્ટર-૭-સી, સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ હોલ ખાતે નિઃશુલ્ક પણે વ્યંધત્વ નિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ડૉ. આર.જી. પટેલ દ્વારા સેવા પુરી પાડવામાં આવશે. લાભ લેવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૧ ૨૮૬૪૦, ૯૬૮૭૯૩૭૧૫૪ પર સંપર્ક કરવો.

# નિવૃત્તોને પુનઃ નિયુક્ત કરી યુવાનોની રોજગારીની તક સરકાર છીનવી રહી છે : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૨૨

નિવૃત્તોને પુનઃ નિયુક્તી અને યુવાનોને બેરોજગાર રાખવાની સરકારની નીતિ સામે કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નીશીત વ્યાસે ઉગ્ર રોષની લાગણી વ્યક્ત કરી સરકારને ફેબ્રુ.૨૦૧૬ના કરાયેલા આદેશો પાછા ખેંચવામાં આવે તેવી માંગ કરી છે.

શ્રી વ્યાસે તેમના નિવેદનમાં જણાવ્યું છે કે એક તરફ યુવાનો રોજગારી મેળવવા માટે ટળવળી રહ્યા છે ત્યારે સરકાર નિવૃત્ત થઈ ગયેલા અધિકારીઓ કર્મચારીઓને પુનઃ નિયુક્ત કરી યુવાનોના અધિકાર પર તરાપ મારી રહી છે.

સચિવાલય અને જિલ્લા તંત્રમાં ફરજો બજાવતા ૧૭ હજારથી વધારે કર્મચારીઓ નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે તેમની જગ્યાઓ કાયમી રીતે ભરવાનુ ટાળી ફિક્સ પગારથી જ આવા કર્મચારીઓની સેવા ચાલુ રાખવાના સરકાર આદેશો કરી યુવાનોની બેરોજગારીના ઘા પર મીઠી ભભરાવી રહી છે.

તેમણે નવી ભરતી કરવાની સરકારની દાનત પર પણ શંકા વ્યક્ત કરી છે. વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલા કર્મચારીઓની સંખ્યાને ધ્યાને લઈએ તો હાલ એક કર્મચારી પાસે ત્રણ થી ચાર જગ્યા ચાર્જમાં ચાલે છે. જેની સીધી અસર વહીવટીતંત્ર પર જોવા મળી રહી છે.

ભરતી કૌભાંડ ખુલ્લુ થતાં ભાજપની સરકારે હવે નિવૃત્ત કર્મચારીઓને પુનઃ નિયુક્ત કરી આગામી ચૂંટણીમાં સંગઠન નિષ્ક્રિય થાય તો આ કર્મચારીઓનો ઉપીયોગ પ્રચાર કાર્યમાં થઈ શકે તેવુ મન બનાવ્યુ હોવાની પણ શંકા વ્યક્ત શ્રી વ્યાસે તેમના નિવેદનમાં કરી છે.

તેમણે રાજય સરકારે ફેબ્રુઆરી ૨૦૧૬માં પુનઃ નિયુક્તી અંગેના કરેલા હુકમને પાછો ખેંચવાની પણ માંગ કરી છે.

## ગ્રાહકો-વેપારીઓના હિતો ધ્યાને રાખી વન વિભાગ તારની વાડ બનાવે : હર્ષજીત પંડ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના જી.આઈ.ડી.સી. સહિતના વિસ્તારોમાં વૃક્ષારોપણ માટેની તૈયારીઓ કરવાની સાથે વેપારીઓ અને ગ્રાહકોને અવર-જવરની તકલીફ ના પડે તે માટે કોંગીના કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડ્યાએ આજે વન વિભાગના અધિકારીઓને મળી રજુઆત કરી છે.

શહેરના વન વિસ્તારને તારની વાડથી રક્ષિત કરવામાં લોકો અને વેપારી-ગ્રાહકોને તકલીફ ના પડે તેનુ ધ્યાન રાખવામાં આવે તેવી લાગણી સાથે જીઆઈડીસી સે. ૨૮, ૨૫, ૨૬ના વેપારીઓનું પ્રતિનિધિમંડળ જિલ્લા વન અધિકારીશ્રીને શ્રી હર્ષજીત પંડ્યાની આગેવાનીમાં મળ્યું હતું. પ્રતિનિધિમંડળની રજુઆતને ધ્યાને રાખી વન અધિકારીએ કરેલા આયોજનની જાણકારી આપી હતી તેમજ યોગ્ય કરવાની ખાત્રી આપી હતી.

# સંત રોહીદાસજીની ૬૩૯મી જન્મ જયંતિની ભાવપૂર્ણ ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં આજે સંત રોહિતદાસ ૬૩૯મી જન્મ જયંતિ ભાવપૂર્વક ઉજવવામાં આવી હતી. સે. ૬માં સંત રોહિતદાસ સેવા સમાજ દ્વારા આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

સે. ૬ ખાતે સંત રોહિતદાસ સ્મૃતિ મંદિરના પ્રાંગણમાં સવારે ૭.૧૫ કલાકે મંગલા આરતી સાથે સંત રોહિતદાસજી જન્મ જયંતિ સમારોહની ઉજવણીનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે અનેક સંતો-મહંતો તથા રોહિતદાસ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સવારે ૮.૩૦ કલાકે અહીંથી સંત રોહિતદાસજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે નગરના વિવિધ માર્ગો પર ફરી હતી. આ પ્રસંગે રાત્રે લોકડાયરાનું પણ આયોજન કરાયું છે.

સેક્ટર-૨૪માં વસાહત મંડળ દ્વારા સંત રોહિતદાસજીની શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અહી શોભાયાત્રાનું સામૈયુ કરવાની વર્ષો જુની પરંપરા ચાલી આવે છે તે મુજબ આ વર્ષે પણ સામૈયુ કરવામાં આવ્યુ હતુ અને શોભાયાત્રામાં જોડાનાર તથા દર્શનાર્થે ઉમટેલ તમામ ભાવિકો માટે અલ્પાહારની વ્યવસ્થા સે. ૨૪ના કે.યુ. ચાવડા, ભાનુભાઈ, મહેન્દ્રભાઈ તથા હરગોવિંદભાઈ સહિતના સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવી હતી.

## ઘરથાળના ફાળવેલા પ્લોટો પર દબાણ થતાં પ્લોટ ધારકોએ ઉપવાસ આંદોલન છેડ્યુ !!

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે ૧૫ જેટલા ગરીબો જેમને ઘરથાળના પ્લોટોની સનદ નહિ મળી હોવાની તેમજ જે પ્લોટ ફાળવવામાં આવ્યા છે તેના પર દબાણ હોવાનું જણાવી ઉપવાસ આંદોલન પર બેઠા છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે ગરીબોના ઉપવાસ આંદોલનની જાણ થતાં તાલુકાના અધિકારીઓ તેમજ તા.પં.ના પ્રમુખ સહિત સૌ ડભોડા પહોંચ્યા હતા અને ઉપવાસીઓને સમજાવવાના પ્રયાસો કરી પારણા કરાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમાં સફળ થયા ન હતા.

મળતી વિગતો મુજબ આ પ્લોટ જ્યાં ફાળવવામાં આવ્યા છે ત્યાં અસ્થાયી પ્રકારનું દબાણ થયુ છે અને તેથી ગરીબોને આ જગ્યા ઉપલબ્ધ ન થઈ હોવાનું જાણવા મળેલ છે. પંચાયતે પણ દબાણ દૂર કરવા માટેની નોટીસો પાઠવી હોવાનું કહેવાઈ રહ્યું છે.

ગાંધીનગર તાલુકામાં ઘરથાળના પ્લોટ ફાળવવાના મુદ્દે આંદોલન થતાં જિલ્લાના રાજકારણમાં પણ ગરમાવો આવી જવા પામ્યો છે. આંદોલનકારીઓને સમજાવવાના મોડી સાંજ સુધી પ્રયાસો જારી હોવાનું જાણવા મળેલ છે.

## શ્રીરંગપાર્ક કો.ઓ. હા.સ. સોસાયટીની અસાધારણ સભા

શ્રીરંગ પાર્ક કો.ઓ. હા.સ. સોસાયટીના તમામ સભાસદોને જણાવવાનું કે, આ સોસાયટીના નિયમો ન પાળતા તથા સોસાયટીની લ્હેણી નીકળતી રકમ ન ભરતાં સભાસદને સભાસદપદેથી રદ કરવા બાબતે તા. ૬-૩-૨૦૧૬ના રોજ બપોરે ૩.૩૦ કલાકે અસાધારણ સભાનું આયોજન સોસાયટીની ઓફિસ ખાતે કરવામાં આવેલ છે. તો તમામ સભાસદોને અચૂક હાજર રહેવા વિનંતી છે.

